તા. ૨૬.૦૪.૨૦૨૪

ગુજરાત સમાચાર, પાના નં. ૦૨

અમદાવાદ-ગાંધીનગરના નિયમિત મુસાફરોને રાહત

# મેટ્રો ટ્રેનનો રૂટ લંબાવાયો ૨૭મીથી સચિવાલય સુધી દોડશે

અમદાવાદ,શુક્રવાર

અમદાવાદ-ગાંધીનગર વચ્ચે નિયમિત મુસાફરી કરનારા માટે રાહતના સમાચાર છે. આગામી ૨૭ એપ્રિલ-રવિવારથી મેટ્રો ટ્રેનની સેવાઓ સચિવાલય સુધી લંબાવવામાં આવી છે. અલબત્ત, તેના સમયની વિગત શનિવારે જારી કરાશે.

## કોટેશ્વર રોડ, વિશ્વકર્મા કોલેજ, કોબા સર્કલ, સેક્ટર-૧૦એ સહિત ૭ મેટ્રો સ્ટેશન પણ કાર્યરત્ થશે

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર ૨૭ એપ્રિલથી મેટ્રોના સાત નવા સ્ટેશન પણ કાર્યરત્ થશે.

જેમાં કોટેશ્વર રોડ, વિશ્વકર્મા કોલેજ, તપોવન સર્કલ, નર્મદા કેનાલ, કોબા સર્કલ, સેક્ટર ૧૦-એ અને સચિવાલયનો સમાવેશ થાય છે. હાલમાં મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર અને જીએનએલયુ થી ગિફ્ટ સુધી મેટ્રો ટ્રેન દોડાવવામાં આવે છે.

જોકે, અમદાવાદ-ગાંધીનગર વચ્ચેની મેટ્રો ટ્રેન હાલમાં રાતે ૮ સુધી જ દોડાવવામાં આવે છે. આ સમયને લંબાવવા માટે પણ મુસાફરોની ઘણા સમયની માગ છે. હાલ દરરોજ સરેરાશ બે હજાર જેટલા મુસાફરો અમદાવાદ-ગાંધીનગર વચ્ચે મુસાફરી કરે છે. સચિવાલય સુધી મેટ્રોને લંબાવાતા ખાસ કરીને સરકારી કર્મચારીઓને રાહત મળશે.